

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મનપાના ડ્રાફ્ટ બજેટને આખરી ઓપ આપવામાં આજે કમિશ્નર વ્યસ્ત રહ્યા હતા. તેમણે અધિકારીઓ સાથે ચર્ચાઓ પણ કરી હોવાનું જાણવા મળેલ છે.
- કલોલ તાલુકા કેળવણી મંડળ દ્વારા તેના વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ હતી જેમાં જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિક પટેલે હાજરી આપી હતી.
- રાજ્ય સરકાર દ્વારા ૨૪મીએ રજુ થનાર બજેટને લઈ નાણાં વિભાગની કચેરી આજે પણ ચાલુ રહી હતી. બજેટનો ધમધમાટ અને બેઠકોનો સિલસિલો યથાવત્ રહેવા પામ્યો છે.
- ગાંધીનગર શહેરમાં તમાકુના ઉત્પાદનોના ભાવમાં વધારાની અસર થઈ છે અને હવે મસાલાની કિંમતમાં વધારો થયો છે. આ ઉપરાંત ગેસના કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં વધારો થતાં ચા ના ભાવમાં પણ વધારો થયો છે.
- ગાંધીનગર પાટનગર યોજનામાં ઈજનેરોની ખાલી જગ્યાઓ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવી છે પરંતુ હવે નીચેના કર્મચારીઓની ખાલી જગ્યાઓ ક્યારે ભરાશે તેની ચર્ચા જાગી છે.
- ગાંધીનગર મનપાનુ આરોગ્ય તંત્ર હવે સ્વચ્છતાને લઈ હાથ ધોવા સહિતની નાની નાની બાબતો અંગે જનજાગૃતિ અભિયાન ચલાવશે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



મમ્મી તું સમજતી નથી... હું તારી સાથે નાગપંચમીની પૂજા કરવા આવું છું તો તારે મારે વેલેન્ટાઈન ડે ઉજવવા મારી સાથે આવવાનું ન હોય...!!

# ખોરજ પાસેથી આઠ લાખના કન્ટેનરની ચોરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર - સરખેજ માર્ગ પર ખોરજ ગામ પાસે કન્ટેનરની ચોરી થવા પામી છે. કન્ટેનર કટ થી રેલ્વે સ્ટેશન તરફના માર્ગ પરથી કોઈ ટ્રેલરનું કન્ટેનર ચોરી ગયું છે. એન્જીનમાં ક્ષતિ સર્જાતા રીપેરીંગ કામ ને પગલે ટ્રેલરથી અલગ કરીને કન્ટેનર રોડ પાસે મુક્યું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે રૂ.૮ લાખના કન્ટેનરની ચોરીની ફરીયાદ નોંધી ચોર ઈસમને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ચાંદખેડા ખાતે રહેતા રાજકુમાર શંભુકુમાર ઠાકુરના બનોવી તાજેતરમાં રાજુલાથી સિમેન્ટ ભરીને ખોરજ ખાતે આવ્યા હતા. ટ્રેલરના એન્જીનમાં ક્ષતિ સર્જાતા તેઓ ગેરેજમાં જવાનું હોવાથી કન્ટેનરને અલગ કરીને માર્ગ પાસે મુકીને ગયા હતા.

ટ્રેલર રીપેરીંગ બાદ બીજા દિવસે કન્ટેનર લેવા માટે ગયા હતા.ત્ ત્યારે કન્ટેનર તે સ્થળ પર ન હતું તેની ચોરી થવા પામી હતી. આસપાસ શોધખોળ કરવા છતા અને થોડા દિવસ રાહ જોયા બાદ આખરે તેમણે રૂ.૮ લાખની કિંમતના કન્ટેનરની ચોરી અંગે ફરીયાદ આપતા પોલીસે તપાસ શરુ કરી છે.

# અડાલજ સ્વામીનારાયણ પાર્ટી પ્લોટ પાસે કારનો કાચ તોડી દાગીનાની ચોરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર નજીક આવેલા અડાલજ સ્વામીનારાયણ પાર્ટી પ્લોટ પાસે ગતરોજ રાત્રીના સમયે ડસ્ટર ગાડીનો કાચ તોડી ચોરીની ઘટના બની છે. કુડાસણ વિસ્તારમાં આવેલા વૃદાવન બંગ્લોઝ ખાતે રહેતા દિપેશ પટેલ શુક્રવારના રોજ રાત્રીના સમયે પરિવાર સાથે અડાલજ સ્વામીનારાયણ પાર્ટી પ્લોટ ખાતે લગ્ન પ્રસંગે ગયા હતા. લગ્ન પ્રસંગ પતાવીને કલાક પછી તેઓ પરત ફર્યા હતા,ત્યારે તેઓએ જોયુ તો તેમની ગાડીનો ખાલી સાઈડનો કાચ તુટેલો હતો અને અંદર પડેલુ પર્સ ગુમ હતું. પર્સમાં સવાત્રણ લાખની કિંમતનો ૮ તોલાનો હાર હતો. બનાવને પગલે તેએઓ અડાલજ પોલીસ મથકે જાણ કરતા જાણવાજોગ ફરીયાદ લઈ તપાસ શરુ કરી છે.



ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રસન્નતા પર્વ અંતર્ગત યોજાયેલ નાટ્યોત્સવના અંતિમ દિને ચિત્રલેખા નાટ્ય સ્પર્ધાના વિજેતા નાટક ''અહમનુ એન્કાઉન્ટર'' નવસારીના કલાકારો દ્વારા રજૂ થયું હતું. જેનો નાટ્ય રસિકો અને નગરજનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

# સિવિલમાં લાઈટ જતા લીફટમાં ફસાયેલા દર્દીના સ્વજનોએ હોહા મચાવી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ગતરોજ સાંજના સુમારે ટોરેન્ટ પાવર દ્વારા વીજળી ડુલ થવાના બનાવ બન્યો હતો. જેને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડીંગમાં લાઈટ ડુલ થતાં ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. સિવિલના અંતરંગ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સિવિલના પાંચમા માળે લીફ્ટ ખોટવાઈ હતી.

આ લીફટમાં દર્દીના દસેક જેટલા સ્વજનો બેઠેલા હતા. લાઈટ જવાથી લીફટના બેઠેલા નાગરીકોના જીવ થોડા સમય માટે તાળવે ચોંટી ગયા હતા. જ્યાં હાજર સિક્યુરીટી ગાર્ડ પાસે લીફટની ચાવી ન હોવાથી ફસાયેલા નાગરીકોને બહાર કાઢી શક્યો ન હતો પરંતુ ગણતરીની મિનિટોમાં જ લાઈટ આવી જતાં આ તમામ નાગરીકો નીચે લીફટમાં ભોંયતળીયે આવી ગયા હતા. જો કે તમામ નાગરીકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# બાસણ ગામે ખોડીયાર માતાજીના પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા બાસણ ગામે જુનુ અને પૈરાણિક ખોડીયાર માતાજીનું મંદિર આવેલુ છે. ખોડીયાર માતાજીના મંદિરે દર્શન કરી ભકતો ધન્યતા અનુભવી રહ્યા છે. ત્યારે તા. ૭ ફેબ્રુઆરીને મહાસુદ-૧૩ ના રોજ માતાજીના પાટોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. બાસણ અને વલાદ ગામના નાગરીકોએ મોટીસંખ્યામાં હાજર રહીને માતાજીના દર્શનનો લ્હાવો લીધો હતો.્ પ્રસંગે બાસણ ગામ વસાહત મંડળના પ્રમુખ અર્જુનસિંહ વાઘેલા તેમજ અંબિકા દેવસ્થાન ટ્રસ્ટના આગેવાનો દ્વારા ચા-કોફી અને વાહનની સેવા પુરી પાડી હતી. યજ્ઞાની પૂર્ણાહુતી બાદ નાના બાળકોને કંપાસ તેમજ ચા-નાસ્તો આપવામાં આવ્યો હતો. આ ધાર્મિક પ્રસંગે ગામના મનુસિંહ વાઘેલા, જીલુસિંહ વાઘેલા, પૃથ્વીસિંહ વાઘેલા, જકશી દેસાઈ, ચેહોરભાઈ દેસાઈ, રણજીતસિંહ વાઘેલા, પુજાજી ઠાકોર, અર્જુનસિંહ વાઘેલા, વિષ્ણુભાઈ વાળંદ અને પંકજભાઈ શાહ, સુબોધભાઈ શાહ, નરેન્દ્રભાઈ શાહ, દિક્ષિત શાહ સહિતના નાગરીકો હાજર રહ્યા હતા.

# ફિરોજપુર પાસેથી જુગાર રમતા ચાર શકુની ઝડપાયા

ડભોડા પોલીસ મથકના પીએસઆઈ બી.આર.રાઠોડના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે હે.કો.વેલજીભાઈને ખાનગી રાહે જુગારીઓ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ફિરોજપુરથી ગીફટસીટીના માર્ગની વચ્ચે આવેલા ચરામાં બાવળની ઝાડીમાં જુગાર રમી રહેલા ફિરોજપુર ગામના જગુભાઈ મયજીભાઈ રાવળ, બાબુજી પુજાજી જાદવ, ગોકાજી મોહનજી જાદવતેમજ વલાદના અરજણજી ધુળાજી ઠાકોર જુગાર રમતા રંગેહાથ ઝડપાયા હતા. તેમની પાસેથી ડભોડા પોલીસે રૂ.૧૧.૩૯૦ રૂપીયા રોકડા જપ્ત કરીને તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટચૂકડી જાહેર ખબર

**જોઈએ છે**

(Paras Group)

૧ - ફાર્માસીસ્ટ
(૨ વર્ષના અનુભવી)
૧ - ઓફીસ બોય
૧ - ડિલેવરી બોય

સંપર્ક
મો. ૯૯૦૯૯ ૮૫૫૬૪


# સફળતાના સેતુ ને રસ્તાનું કામ ગુજરાત સરકારે કર્યું વિકાસનું બાંધકામ

ગુજરાત સરકાર

**ગુજરાતમાં માર્ગ વિકાસ બન્યો, રાજ્યના સામાજીક, આર્થિક, શૈક્ષણિક વિકાસનો મજબૂત પાયો**

## આ રહી સમૃદ્ધિ માર્ગે દોરી જતી દિશાઓ...

### મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાઃ ગામડાઓના વિકાસની આધારશીલા

- આ યોજના હેઠળ પાછલા ત્રણ વર્ષમાં ૨૯,૬૭૧ કિ.મી. લંબાઈના ૧૧,૧૩૦ કામો મંજૂર, રૂા.૧૦,૧૭૩ કરોડ મંજૂર થયા
- જે પૈકી ૨૨,૩૮૨ કિ.મી. લંબાઈના ૮,૪૮૬ રસ્તાઓનું પાછલા ત્રણ વર્ષમાં રૂા.૫,૬૩૯.૬૯ કરોડના ખર્ચે પૂર્ણ
- રૂા.૧,૬૬૫ કરોડના ૪,૮૨૦ કિ.મી. લંબાઈના ૧,૮૪૦ રસ્તાઓના કામો પ્રગતિમાં

### પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાઃ ગ્રામ્ય વિસ્તાર મજબૂત, તો દેશ મજબૂત

- ૨,૦૦૮ કિ.મી. લંબાઈના ૧૭૬ રસ્તાઓનું પાછલા ૫ વર્ષમાં રૂા.૭૯૪ કરોડના ખર્ચે નિર્માણ કરાયું
- રૂા.૯૨.૬૧ કરોડના ૪૪ પુલના કામો પ્રગતિમા
- ચાલુ વર્ષે રૂા.૬૨૦ કરોડના કામો હાથ ધરવામાં આવશે

### રેલ્વે ઓવરબ્રિજઃ સલામતી અને વિકાસનો સેતુ

- રૂા.૭૭૪ કરોડના ખર્ચે ૩૧ રેલ્વે બ્રિજનું પાછલા વર્ષમાં નિર્માણ કરાયું
- રૂા.૩,૦૭૩.૭૪ કરોડના ખર્ચે ૭૫ રેલ્વે ઓવરબ્રિજનું કામ પ્રગતિમાં
- રાજ્યમાં બીજા ૬૮ રેલ્વે ઓવરબ્રીજ માટે રૂા.૩,૪૦૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા

### સ્ટેટ હાઈ-વેઃ સલામતી, સુરક્ષા અને ઝડપનો સમન્વય


- ૫,૭૭૪ કિ.મી. લંબાઈના રાજ્ય માર્ગોને રૂા.૧૦,૧૦૪ કરોડના ખર્ચે પાછલા ૫ વર્ષમાં ૬ માર્ગીય, ૪ માર્ગીય, ૧૦ મી., ૭ મી. પહોળા કર્યા
- ૧,૯૮૯ કિ.મી. લંબાઈના રસ્તાઓને ૬ માર્ગીય, ૪ માર્ગીય, ૧૦ મી., ૭ મી. પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં


### નેશનલ હાઈવેઃ રાષ્ટ્રીય વિકાસના રાજમાર્ગો

- ૬૫૪ કિ.મી. લંબાઈના નેશનલ હાઈવેનું પાછલા ૫ વર્ષમાં રૂા. ૧,૨૦૪ કરોડના ખર્ચે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા નિર્માણ કરાયું

### પુલ અને ફ્લાયઓવરઃ સર્વાંગીણ વિકાસનું અતૂટ જોડાણ

- છેલ્લા પાંચ વષોમાં ૧૦૩ નાના-મોટા પુલોનું રૂા. ૯૮૩ કરોડનાં ખર્ચ કરાયું નિર્માણ
- રાજ્યમાં રૂા. ૧,૩૯૫ કરોડના ખર્ચે ૪૦ પુલોના કામો પ્રગતિમાં
- રાજ્યના ભારે ટ્રાફિકવાળા વિવિધ ૧૧ જંકશન ઉપર રૂા.૬૬૬ કરોડના ખર્ચે ૧૧ કામો મંજુર-આયોજન હેઠળ





**ગુજરાતમાં રસ્તાઓ ખોલી રહ્યા છે વિકાસના રસ્તા...**



## નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

ગુજરાતનો વિકાસ વાયુવેગે આગળ વધે અને ગુજરાતમાં રહેતો પ્રત્યેક વ્યક્તિ પોતાના જીવનમાં તેનો અનુભવ પણ કરે, તે જ મારી સરકારનો પ્રયાસ છે. આયોજનબદ્ધ અને ગુણવત્તાયુક્ત રોડ નેટવર્ક માટે સમગ્ર દેશમાં ગુજરાતનું આગવું સ્થાન બન્યું છે. માર્ગો મોટા અને પહોળા બને, પુલ, રેલ્વે ઓવરબ્રિજ, અંડરબ્રિજ અને ફ્લાયઓવર વિગેરે જેવી જનહિતલક્ષી કામગીરી ગુજરાત સરકારની પ્રાથમિક્તા રહી છે.

– શ્રી વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાત સરકારની આધુનિક પરિવહન વ્યવસ્થાઓના કારણે રાજ્યના સર્વાંગીણ વિકાસને વેગ મળી રહ્યો છે.

– શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

Z માહિતી ૨૦૧૯–૨૦ (૭૫)